# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 2-10-2024 Evening : 7.50 to 8.00
Day : Wednesday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

*****************************************************

- યુગપુરૂષ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને તેમજ પૂર્વ પ્રધાનમંત્રી લોકપ્રિય નેતા લાલ બહાદૂર શાસ્ત્રીજીને આજે તેમની જન્મજયંતિએ કૃતજ્ઞ રાષ્ટ્રની શ્રધ્ધાંજલિ
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લોકોને જીવનમાં સ્વચ્છતા અપનાવવા વિનંતી કરી, 10,000 કરોડ રૂપિયાની સ્વચ્છતા પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું.
- પ્રધામંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઝારખંડમાં ૮૩ હજાર કરોડ રૂપિયાથી વધુની વિકાસ યોજનાઓનું ખાતમુહૂર્ત કર્યું.
- પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો, ભારતે પોતાના નાગરિકોને બિનજરૂરી રીતે ઈરાન ન જવાની સલાહ આપી.
- નિશાનબાજીમાં ભારતે પેરુમાં ISSF જુનિયર વિશ્વ ચેમ્પિયનશિપના ચોથા દિવસે વધુ પાંચ સુવર્ણ ચંદ્રક મેળવ્યા
- ખો ખો વિશ્વ કપ 2025 ભારતમાં યોજાશે. આ સ્પર્ધામાં 6 ખંડોના 24 દેશો ભાગ લેશે.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# GANDHI JAYANTI

આજે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની 155મી જન્મજયંતિ પર કૃતજ્ઞ રાષ્ટ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂજ્ય બાપુને તેમની જન્મજયંતિ પર રાજઘાટ ખાતે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સત્ય, સમરસતા અને સમાનતા પર આધારિત બાપુનું જીવન અને આદર્શો દેશવાસીઓ માટે હંમેશા પ્રેરણા બની રહેશે.

દેશભરમાં અને વિદેશમાં ભારતીય મિશન દ્વારા શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. રાષ્ટ્ર આજે પૂર્વ પ્રધાનમંત્રી લાલ બહાદુર શાસ્ત્રીને તેમની 120મી જન્મજયંતિ પર યાદ કરી રહ્યું છે.

પૂર્વ પ્રધાનમંત્રીને શ્રદ્ધાંજલિ આપતાં મોદીએ કહ્યું કે, લાલ બહાદુર શાસ્ત્રીએ પોતાનું જીવન દેશના સૈનિકો, ખેડૂતો અને સ્વાભિમાન માટે સમર્પિત કર્યું હતું..

# REV. PM-SWACHHATA HI SEVA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતા અપનાવવા દેશવાસીઓને અપીલ કરી છે. 10 હજાર કરોડ રૂપિયાની વિવિધ પરિયોજનાઓનું લોકાર્પણ કર્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સ્વચ્છ ભારત સર્જવા માટે સતત પ્રયત્નો જરૂરી છે. નવી દિલ્હીમાં સ્વચ્છ ભારત મિશનના 10 વર્ષ પૂર્ણ થતાં સ્વચ્છતા હી સેવા 2024 કાર્યક્રમને સંબોધતા, શ્રી મોદીએ સ્વચ્છતાને જન આંદોલન બનાવવા માટે 140 કરોડ ભારતીયોની અતૂટ ભાવનાને સલામ કરી હતી.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન આ સદીનું વિશ્વનું સૌથી મોટું અને સૌથી સફળ લોકોની-ભાગીદારી, લોકોની આગેવાની હેઠળનું જન આંદોલન છે.

# WHO--SWACH-BHARAT-MISSION.RTF

વિશ્વ આરોગ્ય સંસ્થા -ડબ્લ્યુએચઓના વડા જનરલ ટેડ્રોસ એડહાનોમ ગેબ્રેયસસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની તેમજ સ્વચ્છ ભારત મિશનમાં પરિવર્તનકારી પહેલ દ્વારા ટકાઉ વિકાસ લક્ષ્યોને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકા માટે ભારત સરકારની પ્રશંસા કરી છે..

તેમણે કહ્યું કે સ્વચ્છ ભારત મિશને સ્વચ્છ અને સ્વસ્થ રાષ્ટ્રને પ્રોત્સાહન આપવા માટે સમુદાયોને પ્રેરણા આપી છે. તેમણે કહ્યું કે ભારત સરકારે ગ્રામીણ અને વંચિત વિસ્તારોમાં મૂળભૂત સ્વચ્છતાને પ્રાથમિકતા આપી અને સ્થાનિક નેતાઓને એકઠા કર્યા.. તેમણે કહ્યું કે આ પહેલથી જાહેર આરોગ્ય અને સ્વચ્છતામાં સુધારો થયો છે અને લોકોને વિવિધ બીમારી અને કુપોષણ જેવા રોગોથી પણ બચાવ્યા છે.

# EVE.-PM-JHARKHAND.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઝારખંડના હજારીબાગમાં 83 હજાર 300 કરોડ રૂપિયાની વિકાસ પરિયોજનાઓના શિલાન્યાસ અને ખાતમુહૂર્ત કર્યા.. આ પરિયોજનાઓમાં ધરતી આબા આદિવાસી ગામ ઉત્કર્ષ અભિયાન છે, જેની કુલ કિંમત 79 હજાર 150 કરોડ રૂપિયા છે. આ પરિયોજનાઓમાં પ્રધાનમંત્રી આદિજાતિ ન્યાય મહાભિયાન હેઠળના કામોનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ 40 એકલવ્ય વિદ્યાલયનું ઉદ્ઘાટન કર્યું અને 25 એકલવ્ય વિદ્યાલયોનો શિલાન્યાસ પણ કર્યો. આ પ્રસંગે હજારીબાગમાં વિનોબા ભાવે યુનિવર્સિટી કેમ્પસમાં સભાને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે બહુવિધ પરિયોજનાઓ આદિવાસી સમુદાયોના સશક્તિકરણ અને સમગ્ર રાજ્યમાં ગ્રામીણ માળખાકીય સુવિધાઓને વધારવાના પ્રયાસોને નોંધપાત્ર રીતે વેગ આપશે.

શ્રી મોદીએ કહ્યું કે દેશના આદિવાસી સમુદાયના વિકાસ અને સશક્તિકરણ વિના વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકે નહીં. તેમણે કહ્યું કે આ પ્રોજેક્ટ્સથી 5 કરોડથી વધુ આદિવાસી લોકોને ફાયદો થશે. શ્રી મોદીએ કહ્યું કે આદિવાસી કલ્યાણ એ સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ધરતી આબા આદિવાસી ગ્રામ ઉત્કર્ષ અભિયાન એએક મહત્વપૂર્ણ પહેલ છે જેનો ઉદ્દેશ્ય આદિવાસી ગામડાઓમાં સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા અને પ્રદેશના સામાજિક-આર્થિક પરિદ્રશ્યમાં નોંધપાત્ર પરિવર્તન લાવવાનો છે.

# MEA-WEST-ASIA.RTF

વિદેશ મંત્રાલયે આજે ભારતીય નાગરિકોને ઈરાનની તમામ બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે. મંત્રાલયે હાલમાં ઈરાનમાં રહેતા લોકોને સતર્ક રહેવા અને તેહરાનમાં ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહેવા વિનંતી કરી છે.

વિદેશ મંત્રાલયે પશ્ચિમ એશિયામાં નાગરિકોની સુરક્ષા માટે પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. આ ક્ષેત્રમાં વધી રહેલી સુરક્ષાની સ્થિતિ પર ઊંડી ચિંતા વ્યક્ત કરતા મંત્રાલયે તમામ મુદ્દાઓને વાતચીત અને કૂટનીતિ દ્વારા ઉકેલવા વિનંતી કરી છે. આ સાથે મંત્રાલયે પરસ્પર સંઘર્ષને રોકવા પર પણ ભાર મૂક્યો છે..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# PRES,-PM---ROSH-HASHANAH.RTF

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યહૂદીઓના નવા વર્ષરોશ હશનાના પવિત્ર અવસર પર યહૂદીઓને શુભેચ્છા પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઇઝરાયેલના રાષ્ટ્રપતિ આઇઝેક હરઝોગ સાથે ઇઝરાયેલ અને વિશ્વભરના યહૂદી સમુદાયને નવા વર્ષની શુભેચ્છાઓ આપી. પ્રધાનમંત્રીએ ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતાન્યાહૂ, ઇઝરાયેલના લોકો અને યહૂદી સમુદાયને શુભેચ્છા પાઠવી હતી. શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે નવું વર્ષ દરેકના જીવનમાં શાંતિ, આશા અને સારું સ્વાસ્થ્ય લઈને આવે.

# REV.-ISSF---JUNIOR-CHAMPIONSHIP.RTF

નિશાનેબાજીમાં , પેરુના લીમામાં ISSF જુનિયર વિશ્વ ચેમ્પિયનશિપના ચોથા દિવસે ભારતે વધુ 5 સુવર્ણ ચંદ્રક જીતી લીધા છે. દિવ્યાંશીએ મહિલાઓની 25 મીટર પિસ્તોલ સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તેણે ફાઇનલમાં ઇટાલીની ક્રિસ્ટીના મેગ્નાનીને બે પોઇન્ટથી હરાવીને 35 પોઇન્ટ મેળવ્યા હતા. દિવ્યાંશી માટે આ બીજો સુવર્ણ ચંદ્રક હતો, ટોચના નિશાનેબાજ મુકેશ નેલાવલ્લીએ વધુ બે સુવર્ણચંદ્રક જીત્યા અને તેમના સુવર્ણ ચંદ્રકની સંખ્યા ત્રણ થઈ છે.

મુકેશ નેલાવલ્લીએ જુનિયર પુરુષોની 25 મીટર પિસ્તોલ સ્પર્ધામાં 585 પોઈન્ટના સ્કોર સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. સુવર્ણ ચંદ્રક મુકેશ નેલાવલ્લી, સૂરજ શર્મા અને પ્રદ્યુમન સિંહની ટીમે જીત્યો હતો. જુનિયર મેન્સ 50 મીટર રાઈફલ ટીમે ભારતને આજે તેનો પાંચમો સુવર્ણ ચંદ્રક અપાવ્યો , ભારત 10 સુવર્ણ ચંદ્રક, એક રજત અને ત્રણ કાંસ્ય સહિત 14 ચંદ્રક સાથે ચેમ્પિયનશિપમાં આગળ છે. અમેરિકા બીજા સ્થાને છે જ્યારે ઈટાલી ત્રીજા સ્થાને છે.

# KHO-KHO--WORLD-CUP.RTF

ખો ખો વિશ્વ કપ 2025 ભારતમાં યોજાશે. આ સ્પર્ધામાં 6 ખંડોના 24 દેશો ભાગ લેશે. ખો ખો ફેડરેશન ઓફ ઈન્ડિયા-KKFI અને ઈન્ટરનેશનલ ખો ખો ફેડરેશને આ જાહેરાત કરી છે, જેમાં 16 પુરૂષ ટીમો અને ઘણી મહિલા ટીમો ભાગ લેશે. વિશ્વ કપ પહેલા, KKFI એ રમતને પ્રોત્સાહન આપવા માટે દસ શહેરોની બસો શાળાઓમાં ખો-ખો રમતનું આયોજન કરવાની યોજના બનાવી છે. ફેડરેશન મેગા ટુર્નામેન્ટ પહેલા લગભગ 50 લાખ ખેલાડીઓની નોંધણી કરવાના ઉદ્દેશ્ય સાથે શાળાના વિદ્યાર્થીઓ માટે સભ્યપદ અભિયાન પણ ચલાવશે.

આ ટુર્નામેન્ટમાં વિશ્વભરના ટોચના ખેલાડીઓને દર્શાવતી મેચોની એક સપ્તાહ લાંબી શ્રેણી રમાશે. ખો ખો વિશ્વ કપનો ઉદ્દેશ્ય આ સ્વદેશી ભારતીય રમતને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાનો છે. ખો ખોના મૂળ ભારત સાથે જોડાયેલા છે. આ વિશ્વ કપનું આયોજન ખો-ખોની રમતનો  સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને સ્પર્ધાત્મક ભાવનાને ઉજાગર કરશે. વિશ્વના 54 દેશો આ ગેમ રમી રહ્યા છે.

# PM-E-AUCTION-DATE.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળેલી ભેટોની ઈ-હરાજીની તારીખ 31 ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. તે અગાઉ 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી સુનિશ્ચિત કરાઇ હતી.આ વર્ષની આ છઠ્ઠી હરાજી છે. સરકારે લોકોને ઈ-હરાજીમાં ભાગ લેવા વિનંતી કરી છે કારણ કે તે નમામી ગંગે ફાળામાં યોગદાન આપીને એક ઉમદા કાર્ય કરશે.

આ પ્રક્રિયામાં ભાગલેવા ઇચ્છુક વ્યક્તિઓ સત્તાવાર વેબસાઇટ https://pmmementos.gov.in દ્વારા નોંધણી કરીને તેમાં ભાગ લઈ શકે છે. હરાજી માટે લગભગ છસો સ્મૃતિચિહ્નો પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જેમાં વિશિષ્ટ કલાકૃતિઓ, મંદિરોના ઘડતરના નમૂનાઓ, હિન્દુ દેવી -દેવતાઓ અને પેરાલિમ્પિયન્સના જૂતાનો સમાવેશ થાય છે.

# WORLD-GREEN-ECONOMY-FORUM.RTF

દુબઈમાં આજે વિશ્વ હરિત અર્થવ્યવસ્થા મંચની શરૂઆત કરવામાં આવી. ગંભીર પર્યાવરણીય પડકારોનો સામનો કરવા વૈશ્વિક નેતાઓ અને નિષ્ણાતો સાથે આવ્યા હતા.

સંયુક્ત આરબ અમીરાતના ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રી શેખ મોહમ્મદ બિન રશીદ અલ મકતુમ દ્વારા આ આયોજન થયું છે. આબોહવા પરિવર્તનના પડકારો માટે નવીન ઉકેલો પર આંતરરાષ્ટ્રીય સહકાર અને ચર્ચા માટે એક મંચ ઊભું થયું છે.

# KULKARNI--MODI.RTF

મહાત્મા ગાંધીની પૌત્રી સુમિત્રા ગાંધી કુલકર્ણીએ પ્રધાનમંત્રીની પ્રશંસા કરતા કહ્યું કે નરેન્દ્ર મોદી રાષ્ટ્રપિતાના આદર્શો પર જીવી રહ્યા છે. એક અંગ્રેજી દૈનિકમાં આ શીર્ષકવાળા લેખમાં તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી  બન્યા પછી, શ્રી મોદીએ તેમના સ્વતંત્રતા દિવસના ભાષણમાં રાષ્ટ્રીય સ્વચ્છતાની જરૂરિયાત દર્શાવી. તેમણે સ્વચ્છ ભારત અભિયાન શરૂ કર્યું જેણે સ્વચ્છતામાં સુધારો કર્યો અને સમગ્ર ભારતમાં મહિલાઓના ગૌરવ અને સુરક્ષામાં પણ સુધારો કર્યો.

શ્રીમતી કુલકર્ણીએ જણાવ્યું હતું કે મહાત્મા ગાંધી ટકાઉ સામાજિક પરિવર્તનના આધાર તરીકે લોક ચળવળમાં માનતા હતા. તેમણે  કહ્યું, શ્રી મોદીનું અતૂટ લક્ષ્ય -સબ કા સાથ, સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ અને વિકસીત ભારત સમાન છે.  તેમણે  કહ્યું કે કોવિડ -19 રોગચાળા દરમિયાન શ્રી મોદીનું 'માનવતા પ્રથમ' નેતૃત્વ ભારતની સરહદો પર અટક્યું ન હતું, પરંતુ સમગ્ર વિશ્વે સ્વીકાર્યું હતું. લેખમાં, શ્રીમતી કુલકર્ણીએ જણાવ્યું હતું કે તેમના દાદા મહાત્મા ગાંધી અને શ્રી નરેન્દ્ર મોદીના ઘણા વિરોધ કરનારાઓને આશ્ચર્ય થશે કે તેમણે મહાત્મા ગાંધીના આદર્શોને આધુનિક ભારતના વિકાસ એજન્ડામાં વાસ્તવમાં એકીકૃત કરીને નવજીવન આપ્યું છે.

# INDIAN-NATIONALS-CAMBODIA.RTF

કંબોડિયામાં નકલી એજન્ટો દ્વારા છેતરપિંડી કરીને નોકરીની તક સાથે સંકળાયેલા સાયબર ગુનાઓમાં પકડાયેલા 67 ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. ફ્નોમપેન્હમાં ભારતીય દૂતાવાસ અને કંબોડિયન પોલીસ હવે આ નાગરિકોને પરત લાવવાની તૈયારી કરી રહી છે. 30 સપ્ટેમ્બરે 15 નાગરિકો ભારત જવા રવાના થઈ ચૂક્યા છે અને 1 ઓક્ટોબરે 24 વધુ નાગરિકો ભારત જવા રવાના થયા છે.

બાકીના 28 નાગરિકોને આગામી થોડા દિવસોમાં ભારત લાવવામાં આવશે. દૂતાવાસે તેના નિવેદનમાં કહ્યું કેતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને સાયબર ગુનાઓથી પ્રભાવિત તેના નાગરિકોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભારતીય નાગરિકોને કંબોડિયા અને અન્ય દક્ષિણ-પૂર્વ એશિયાના દેશોમાં શંકાસ્પદ એજન્ટો અને સોશિયલ મીડિયા દ્વારા નોકરીની તકો મેળવવામાં અત્યંત સાવધાની રાખવાની સલાહ આપી હતી. દૂતાવાસે જાન્યુઆરી 2022 થી એક હજારથી વધુ ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવાની સુવિધા આપી છે.

# MEA--SUDAN.RTF

સુદાનના ખાર્તુમમાં UAEના રાજદૂતના નિવાસસ્થાન પર હુમલાના અહેવાલો પર ભારતે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ભારતે કહ્યું કે કોઈપણ સંઘર્ષમાં રાજદ્વારી પરિસર પર હુમલો ન કરવાની નીતિનું સન્માન કરવું જોઈએ. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ભારત સુદાનમાં સુરક્ષા સ્થિતિ પર નજરરાખી રહ્યું છે.